ICSE ACADEMY
www.spellbeeacademy.com

SpellIndia
INDIA's No. 1
SPELLING BEE
Preparatory Study Material Provider
www.phonicsestore.com

Pati's

# PREPARE

for

# ICSE

Class 10

# GUJRATI

Questions ONLY

A Collection of Questions from Prelim exam papers of various ICSE schools




## How to Prepare for ICSE Class 10 exams : Free Resources

Please click on subject to proceed further.


We will keep adding resources here till "March 2026".


So, save this link, keep visiting and stay updated.


( Resources include : Syllabus, Past Year Papers, Specimen Papers, Competency based Questions, Books pdf downloadable, 350+ Term Papers / Prelim Papers of various schools - across subjects, etc. )


01 English Literature
02 English Language
03 Geography
04 History & Civics
05 Physics
06 Chemistry
07 Mathematics
08 Biology
09 Computer Applications
10 Physical Education
11 Hindi
12 Commercial Studies
13 Economics
14 Technical Drawing
15 Environmental Science
16 Home Science
17 Gujarati
18 Marathi
19 French

**SCAN QR code to buy the book at amazon NOW.**
















Pati's ICSE ACADEMY


Available at www.amazon.in
































# Set 3 : Test 1

1. Greenlawns High, Mumbai

2025-2026 - Prelim 2

Pati's ICSE ACADEMY



GREENLAWNS HIGH SCHOOL
PRELIMINARY EXAMINATION (2025-2026)
SUBJECT: GUJARATI (II Language)

CLASS: X A,B,C

Marks: 80
Time: 3 hours

---

Answers to this paper must be written on the paper provided separately.
You will not be allowed to write during the first 10 minutes.
This time is to be spent in reading the question paper.
The time given at the head of this paper is the time allowed for writing the answers.

---


This paper comprises two sections - Section A and Section B
Attempt all the questions from section A.
Attempt any four questions from section B.
The intended marks for questions or parts of questions are given in brackets ( ).

---

## વિભાગ અ (૪૦ માર્ક્સ)
## Section A (40 marks)

પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૫)

૧. 'માં તે માં બીજા બધા વન વગડા ના વા' આ વાક્ય ને સમર્થન આપતા તમારા વિચાર દર્શાવો.
૨. આજના જીવન માં ટેક્નોલોજી વગર માનવી નું જીવન અધૂરું છે.
૩. જીવન આનંદ માં પસાર કરવું હોય તો સારું સ્વાસ્થ્ય જરૂરી છે. સ્વાસ્થ્ય નું મહત્વ વર્ણન કરતા નિબંધ લખો.
૪. "શિક્ષા ની સાથે શિષ્ટાચાર નહીં હોય તો શિક્ષા અર્થહીન થઈ જાય છે" આ પંક્તિ ને આધારે કરતા મૌલિક વાર્તા લખો.
૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.



પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. (૭)

૧. તમારી સાઈકલ ચોરાઈ ગઈ છે તે વિશે રિપોર્ટ લખાવતો પોલીસ અધિકારી ને પત્ર લખો.

Pati's
ICSE ACADEMY

૨. તમારા પાડોશી ને કોઈ એ મોબાઈલ પર ધમકી આપી તમે તેને કઈ રીતે મદદ કરી તે વિશે પત્ર તમારા દાદા ને લખો.

પ્ર ૩. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેના આધારે પ્રશ્નો ના જવાબ લખો.

એક રાજા એના મંત્રી જોડે નગરમાં ફરવા નીકળ્યા. રસ્તામાં એણે લીલુંછમ ખેતર જોયું. એ ખેતરના બીજા છેડે એક પરિવાર રહેતો હતો. પતિ-પત્ની અને એમનાં બે સંતાનો. અતિશય આનંદમાં તેઓ ગીતો ગાતા હતા. આમ-તેમ ફરતાં હતાં અને એમના ચહેરાઓ ઉપર સૂર્ય સમું તેજ હતું. તેમને સુખી જોઈ રાજાને અતિશય આશ્ચર્ય થયું એણે મંત્રીને સવાલ કર્યો, 'હું આખા પ્રદેશનો રાજા છું। દોમ દોમ સાહ્યબી છે તેમ છતાં હું આ લોકો જેટલો ખુશ કેમ નથી?' મંત્રીએ હસીને જવાબ આપ્યો, "એ લોકો સંસ્થા ૯૯ના સભ્યો નથી અને તમે છોને એટલે! 'સંસ્થા ૯૯? એ શું છે?' રાજાને આશ્ચર્ય થયું. મંત્રીએ કહ્યું, 'મને ૯૯ સોનામહોર આપો અને આ પ્રશ્નનો જવાબ હું એક મહિના પછી બસ આ જ જગ્યાએ આપીશ.' રાજાએ મંત્રીને ૯૯ સોનામહોર આપી. મંત્રીએ એ જ રાત્રે જઈને એ ૯૯ સોનામહોર ભરેલી થેલી પેલા સુખી પરિવારની ઝૂંપડી આગળ મૂકી દીધી

બીજે દિવસે સવારે જ્યારે પતિએ જાગીને દરવાજા પાસે જોયું તો એને પેલા મંત્રીએ મૂકેલી થેલી મળી. એણે અંદર જઈને જોયું તો અંદર સોનામહોર દેખાઈ. એના આનંદનો પાર ન રહ્યો. એ બધી જ સોનામહોર બહાર કાઢીને ગણવા લાગ્યો. એક, બે, ત્રણ, ચાર... નવ્વાણું. સહેજ હતાશ થઈને પતિએ મનોમન વિચાર કર્યો, 'જો એક સોનામહોર હું મહેનત કરીને કમાઈ લઈશ તો અમારી પાસે પૂરી ૧૦૦ સોનામહોર થઈ જશે. એ દિવસ-રાત મહેનત કરવા લાગ્યો. ખેતરમાંથી પાક વધુ અને સારો થાય એને માટે અથાક પરિશ્રમ કરવા લાગ્યો.

એવામાં એક દિવસ સાંજે ઘરે આવીને એણે સોનામહોર ગણી... તો આંકડો ૯૭નો જ આવ્યો. આમાંથી બે સોનામહોર ઓછી કેવી રીતે થઈ ગઈ?' એણે અતિશય ગુસ્સામાં કહ્યું. એની પત્નીએ અંદરથી જવાબ આપ્યો, 'બે સોનામહોરમાંથી હું ખરીદી કરી આવી! જુઓ આ સાડી! કેવી લાગે છે?' પતિનો પિત્તો ગયો, 'તને બે સોનામહોર વાપરવાનું કોણે કહ્યું હતું? હું અહીં આટલી મહેનત કરીને એક સોનામહોર કમાવાની કોશિશ કરું છું અને તું બે વાપરી આવી?' તમે તો સ્વભાવે જ કંજૂસ છો. ક્યારેય વાપરવાના તો હતા નહીં એટલે મેં જ એનો ઉપયોગ કર્યો', પત્નીએ છણકો કર્યો. એવામાં બીજે દિવસે એનો છોકરો એક સોનામહોર વેચીને નવી ઘડિયાળ લઈ આવ્યો. પેલો માણસ ફરી એની ઉપર ચિડાયો. 'સોનામહોર ઘટતી ગઈ' અને 'કંકાસ વધતો ગયો..

બરાબર એક મહિને રાજા અને મંત્રી ફરી એ જ જગ્યાએ ઊભા રહીને જુએ છે તો પરિવારમાંથી સુખનું નામોનિશાન નહોતું. ચહેરા ઉપરની રોનક ઊડી ગઈ હતી. અતિશય ગંભીરતાભર્યું વાતાવરણ હતું. એમ લાગતું હતું કે ગમે ત્યારે ઝઘડો ફાટી નીકળશે. રાજાને અતિશય નવાઈ લાગી. મંત્રીને મંદ મંદ હસતા જોઈ એણે પૂછ્યું, 'શું થયું આ લોકોને? સુખ ક્યાં ગયું?' મંત્રીએ હસીને જવાબ આપ્યો, 'રાજના હવે આ લોકો પણ સંસ્થા ૯૯ના સભ્યો છે. તમે આપેલી ૯૯ સોનામહોર મેં એમના દરવાજે મૂકી દીધી, અને એ ૯૯ સોનામહોરને ૧૦૦ કેમ કરવી એની પળોજણમાં આ·પરિવારનું સુખ હણાઈ ગયું.' આપણામાંથી એવા ઘણા છે જેની પાસે ૯૯ સોનામહોર પડેલી જ છે, પણ બીજી એક સોનામહોર કમાવાની માથાકૂટમાં ને માથાકૂટમાં એ ૯૯ સોનામહોર ખોટી જગ્યાએ વેડફાઈ જાય છે અથવા તો સોનામહોરો એમ ને એમ મૂકીને પોતે જ ગુજરી જાય છે. જે નથી મળ્યું એની પાછળ દોડવા કરતાં જે મળ્યું છે એનો આનંદ માણતા જો આવડી જાય ને તો ૯૯ ટકા મુશ્કેલીઓ સમાપ્ત થઈ જશે અને ૯૯ સોનામહોરનો ભાર પણ માથે નહીં રહે।

પ્રશ્નો:-

૧.ખેડૂતના પરિવારમાં કોણ કોણ હતું?તેઓ ક્યાં રહેતા હતા?પરિવારમાં કયું દૃશ્ય જોઈ રાજાને આશ્ચર્ય થયું? (૨)

૨.રાજાએ મંત્રીને કયો પ્રશ્ન પૂછ્યો? મંત્રીએ તેનો શો જવાબ આપ્યો? (૨)

૩.ખેડૂતને દરવાજા પાસેથી શું મળ્યું?તે મળતા ખેડૂત નિરાશ કેમ થયો?તેણે શો વિચાર કર્યો? (૨)
૪. એક મહિના બાદ ખેડૂતના ઘરમાં કેવું દ્દશ્ય રાજાને જોવા મળ્યું? (૨)
૫.વાર્તાને યોગ્ય શીર્ષક આપી, પરિવારનું સુખ હણાઈ જવાનું કારણ તમારે મતે શું છે? (૨)

પ્રશ્ન ૪. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

૧. 'પહાડ તૂટી પડવો' રૂઢિપ્રયોગ માટે નીચે માંથી કયું વાક્ય સાચું છે (૧)
A. મીના બહેન પર પહાડ તૂટી પડ્યો.
B. મીના બહેનની નોકરી પર પહાડ તૂટી પડ્યો.
C. મીના બહેન જતા પહાડ તૂટી પડ્યો.
D. મીના બહેનની નોકરી જતા તેમના પર પહાડ તૂટી પડ્યો.

૨. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (૧)
દીકરા ના દીકરા નો પુત્ર
A. દોહિત્રો
B. પૌત્ર
C. પ્રપૌત્ર
D. અગ્રજ

૩. લીટી દોરેલા શબ્દ નો યોગ્ય વિરોધી શબ્દ ખાલી જગ્યા માટે શોધો. (૧)
જીવન માં આપણે કોઈ ની <u>પ્રશંસા</u> ન કરી શકીએ તો કઈ નહીં પણ કોઈ ની ______________ કરવી નહીં.
A. નીદાં
B. નિંદા
C. નંદા
D. નિદાં

૪. રમત નો વારો, યુક્તિ માટે યોગ્ય દ્વિઅર્થી શબ્દ શોધો. (૧)
A. દાન
B. દંડ
C. દામ
D. દાવ

૫. લીટી દોરેલા શબ્દ ના બદલાયેલા લિંગ (જાતિ) માટે સાચું વાક્ય શોધો. (૧)
<u>ભાઈબંધો</u> એ ભેગા મળી ગામ સ્વચ્છ કર્યું
A. બહેનપણી
B. બહેનો
C. બેનપણી
D. સાળાવેલી

૬. વર્તમાન કાળ વાળું વાક્ય શોધો. (૧)
A. વસંત ઋતુ માં પશુ પંખીઓ ના અવાજો સાંભળવા મળે છે.
B. વસંત ઋતુ માં પશુ પંખીઓ ના અવાજો સંભળાતા હતા.
C. વસંત ઋતુ માં પશુ પંખીઓ ના અવાજો સંભળાશે.
D. વસંત ઋતુ માં પશુ પંખીઓ ના અવાજો સાંભળવા હું ગયો.

૭. આપેલા શબ્દ માં થી સાચી જોડણી શોધો. (૧)

A. સહાનુભૂતિ
B. સહાનૂભૂતિ
C. સહાનુભુતી
D. સહાનૂભૂતિ

૮. સમૂહવાચક નામનો ગુચ્છો બંનાવો. (૧)

A. સભા, સરઘસ, ઝૂમખું, ટોળું
B. કાફલો, લૂમ, પ્રેમ, સરઘસ
C. ગુસ્સો, હિમાલય, લશ્કર, લૂમ
D. પાણી, સભા, ટોળું, અનાજ

## વિભાગ બ (૪૦ માર્ક્સ)
## Section B (40 marks)

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)
**SAHITYA GURJARI (POEMS)**

**Question 5**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૫. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"ત્રીજા પરણામ મારા ગુરુજી ને કહેજો રે
જડ્યા કે ન જડિયા તોયે સાચાજી;
એનોય કહેજો એવા સૌને ય કહેજો,
જે – જે અગમનિગમની બોલ્યા વાચાજી."

પરણામ મારા – રામનારાયણ પાઠક 'શેષ'

Parnam Mara - Ramnarayan Pathak 'Shesh'

૧. અંતર ન દ્વાર કોણે ઉઘડ્યા? શી રીતે? (૨)
૨. રતનજી અને જતનજી આ બે શબ્દ કયા પરણામ માં આવે છે? કવિ તે દ્વારા શું કહેવા માંગે છે? (૨)
૩. છેલ્લા પરણામ કવિ કોને કરવાનું કહે છે? શા માટે? (૩)
૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (૩)

**Question 6**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૬.નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"લોચન–મનનો રે કે ઝઘડો લોચનમનનો!
રસિયા તે જનનો રે કે ઝઘડો લોચનમનનો!"

ઝઘડો લોચન–મનનો – દયારામ પ્રભુરામ ભટ્ટ

Zaghdo Lochan-Manno - Dayaram Prabhuram Bhatt

૧. કવિ નો પરિચય આપો. (૨)

Pati's
ICSE ACADEMY

૨. કાવ્ય માં લોચન માટે બીજા બે કયા શબ્દ આપ્યા છે તે લખી લોચન અને મન વચ્ચે કઈ બાબતે ઝઘડો થયો? (૨)

૩. મન પોતાને પાંગળું શા માટે કહે છે? મન અને લોચન વચ્ચે થયેલી કોઈ પણ ત્રણ દલીલો તમારા શબ્દ માં લખો. (૩)

૪. લોચન અને મનના ઝઘડા ને ન્યાય શું કર્યો? તમે તેની સાથે સહમત છો કે નહીં કારણ આપી સમજાવો. (૩)

**Question 6**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૭. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ–કાછ–મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે."

વૈષ્ણવજન - નરસિંહ મહેતા
Vaishnavjan - Narsingh Mehta

૧. કવિ નો યુગ કહી કાવ્ય નો પ્રકાર લખો. (૨)
૨. વાચ અને કાછ મન નિશ્ચલ રાખે નો અર્થ સમજાવો અને કવિ ને કયું બિરુદ મળ્યું છે? (૨)
૩. વૈષ્ણવજનની જનની કેમ ધન્યતા અનુભવે છે? (૩)
૪. 'સકળ તીરથ' વૈષ્ણવજનના તન માં છે તે દ્વારા કવિ શું સમજાવે છે? (૩)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તા)
**SAHITYA GURJARI (SHORT STORIES)**

**Question 8**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૮. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"જેણે આપ્યું છે તે 'ઉપરવાળા'ની આંખો સહસ્ત્ર છે. જ્યારે આપણા હાથ તો માત્ર બે જ છે. એ સહસ્ત્ર આંખો ની અમીધારા આપણા હાથ પર વરસી રહો."

દાદાનો દલ્લો – ઈલા આરબ મહેતા
Dadano Dallo - Ila Aarab Mehta

૧. રમા બહેન આખો દિવસ કઈ રીતે પસાર કરતા હતા? (૨)
૨. પુસ્તક કોના મિત્રો બન્યા? કઈ રીતે? (૨)
૩. ઉપર આપેલું વાક્ય કોણે લખ્યું? તે દ્વારા તેઓ શું સમજવા માંગે છે વિસ્તાર પૂર્વક સમજાવો. (૩)
૪. દાદાએ ઘર માં કોને કોને કામ સોંપ્યા? તેના થી ઘર માં કયું પરિવર્તન આવ્યું? (૩)

**Question 9**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૯. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"ના....ના! મારે ભૂરીને નથી વેચવી...." તેમનાથી બોલી જવાયું"

અંજળપાણી – પીતામ્બર પટેલ
Anjalpani - Pitambar Patel

૧. લેખક નો યુગ લખી સૂરજડોશી ન જીવન માં ભૂરી નું શુ સ્થાન હતું? (૨)
૨. દુકાળ ને લીધે ગામ ના લોકોની શી પરિસ્થિતિ હતી? (૨)
૩. ભૂરી ને વેંચવાનો નિર્ણય કોણે કયા સંજોગો માં લીધો? (૩)

Pati's ICSE ACADEMY

૪. 'અંજળપાણી' શીર્ષક સમજાવો. (૩)

Question 10

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

પ્રશ્ન ૧૦. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ લખો.

"ઘરમાં બધે દોડધામ થઈ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. વૃદ્ધ માજી પણ માંદા–માંદા એ તપાસમાં જોડાયાં."

માજીનો પ્યાલો – ગુલાબદાસ બ્રોકર

Majino Pyaalo - Gulabdas Broker

૧. ચાંદી નો પ્યાલો ક્યાં મૂકાતો હતો? (૨)

૨. બાળક નોકરો વિશે શું વિચારતા હતા? (૨)

૩. ઘર ના સભ્યો ને કોના પર પ્યાલો ચોરી કરવાની શંકા થઈ? શા માટે? (૩)

૪. માજી નો પ્યાલો વાર્તા માંથી માનવ સ્વભાવ ની ખાસિયત માજી ના પાત્ર દ્વારા વ્યક્ત કરો. (૩)

Pati's ICSE ACADEMY

Available at www.amazon.in

